# યુવતિનો ભાઈ ઠપકો આપવા જતા યુવકે તેના પિતા સાથે મળી ધોઈ નાંખ્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના એક ગ્રામ્ય વિસ્તારની યુવતિને ગામનો જ યુવક મેસેજ તેમજ વિડીયો કોલ કરી હેરાનગતિ કરી રહ્યો હતો. જે અંગે યુવતિના ભાઈ ઠપકો આપવા જતા યુવકે તેના પિતા સાથે મળી લાકડીઓ લઈને માર માર્યો હતો. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના એક ગામની યુવતિને એક યુવક મોબાઈલ પર મેસેજ-વિડીયોકોલ કરી મેળામાં આવે તો મળવા આવજે કહીને હેરાન પરેશાન કર્યા કરતો હતો.

થોડા દિવસ યુવતિએ આ અંગે ધ્યાન આપ્યું ન હતું. પરંતુ અજાણ્યો યુવક યુવતિની ચુપકીદીને મુક સંમતિ સમજીને ફોન કર્યા કરતો હતો. જયારે યુવતિએ કંટાળી તેના ભાઈને કોઈ છોકરો મેસેજ-વીડીયો કોલ કરીને મળવા માટે બોલાવ્યા કરતો હોવાની ફરીયાદ કરી હતી. જેથી યુવતિના ભાઈએ તપાસ કરતા જ મેસેજ કરનાર ગામનો યુવક હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારપછી યુવતિના ભાઈઓ યુવકનો સમજાવવા માટે તેના ઘરે ગયા હતા. તે સમયે યુવકને ફોન કરવા અંગે ઠપકો આપ્યો હતો. તે દરમિયાન યુવક ગાળાગાળી કરવા લાગ્યો હતો. તે સમયે યુવકના પિતા પણ આવી પહોંચ્યા હતા અને પુત્રનું ઉપરાણુ લઈ લાકડી લઈ તુટી પડ્યા હતા. તે સમયે યુવક પણ મારામારી કરવા લાગ્યો હતો. તે સમયે બાજુમાં રહેતો અન્ય શખ્સ પણ લાકડી લઈ ફરી વળ્યો હતો. ગામમાં રાત્રીના સમયે હોબાળો થતા સ્થાનિક નાગરીકો આવી પહોંચ્યા હતા. બનાવ અગેં પોલીસ મથકે ગુનો નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



પ્રભુ... આ લોકો અમને રખડતા ઢોરથી ઊલ્લેખ કરી કોર્ટમાં ગયા છે... અને અમે, તમને રખડતા માણસો નું કાંઇક કરો... એ કહેવા આવ્યા છીએ..!!

## ભાદરવા સુદ ત્રીજ કેવડાત્રીજ નિમિતે ચિલોડા ખાતે પૂજા સામગ્રીની હાટડીઓ મંડાઈ



ગાંધીનગર,તા.૨૯

ભાદરવા સુદ ત્રીજ એટલે કેવડા ત્રીજ મનાવવામાં આવે છે સ્ત્રીઓ પતિના લાંબા આયુષ્ય માટે આ વ્રત કરતી હોય છે. જેની પૂજા સામગ્રી માટે ગાંધીનગર જિલ્લાના ચિલોડા જંક્શન મથકે હાટડીઓ શરૂ કરવામાં આવી છે. જેમાં વિવિધ નાના વેપારીઓ સબંધિત પૂજા સામગ્રી નું વેચાણ કરી રહ્યા છે. જેમાં શણગાર, કેવડાનું ફૂલ, પૂજાપો, ચૂંદડી, ધરો, ધતૂરો વગેરે વસ્તુઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આવતીકાલે કેવડા ત્રીજ હોવાથી ચિલોડા જંક્શન મથકે આ પૂજા સામગ્રીની ખરીદી માટે મહિલાઓની ભારે ભીડ ઉમટી પડી હતી. પતિના લાંબા આયુષ્ય માટે શિવજીની પૂજા અખંડ સૌભાગ્યવતી સ્ત્રીઓ મનોકામના પૂર્ણ થાય તે હેતુથી કેવડા ત્રીજ નુંવ્રત કરે છે....

## ચિલોડા આંગણવાડી ખાતે ઉર્જા બચત વર્કશોપ યોજાયો




ચિલોડા, તા. ૨૯

પી.સી.આર.એ.ના ફેકલ્ટી શ્રીમતી નૃપુરબેન ગુપ્તા દ્વારા ડોમેસ્ટીક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં મહિલાઓ માટે ખૂબ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. વર્કશોપ દરમ્યાન ગેસ અને પેટ્રોલ જેવી કુદરતી ઉર્જાની બચત અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત એક ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવી. કાર્યક્રમના ભાગરૂપે ઉર્જા બચતના વિવિધ પ્રશ્નોના આધારીત ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું. ક્વીઝ સ્પર્ધામાં બહેનોને વિવિધલક્ષી પ્રશ્નો પૂછવામાં આવ્યા. બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ગ્રામ પંચાયતના સરપંચ તથા અગ્રણી જયમીનભાઈ પટેલ, ચિલોડા ગામની આશાવર્કર બહેનો, આરોગ્ય કર્મીઓ તેમજ ફેકલ્ટી મેમ્બર શ્રીમતી નૃપુર ગુપ્તાએ ખૂબ સાથ સહકાર દ્વારા વર્કશોપ સફળતાપૂર્વક પૂર્ણ કરી સંસ્થા દ્વારા નાસ્તાનું આયોજન કરાયું હતું.



રાજસ્થાનના ઘણા પરિવારો ગાંધીનગરમાં રોજગાર અર્થે રહે છે. મારવાડી પરિવારો રામદેવપીર પર ખૂબ શ્રદ્ધા રાખે છે. સેક્ટર-૨૧ મારવાડી સમાજ દ્વારા રામદેવપીરના નેજા ચઢાવાયા હતા.

## વાવોલ ગોકુળપુરા પાસેથી વિદેશી દારૂ ભરેલી એસેન્ટ કાર ઝડપાઈ

### પોલીસને કારમાંથી ૩૨૩ બોટલ દારુની મળી આવી

ગાંધીનગર, તા.૨૯

વાવોલ ગોકુળપુરા નજીકથી એસેન્ટ કારનો પીછો કરી સેકટર-૭ પોલીસે ગાડીમાંથી ૩૨૭ બોટલ દારુ જપ્ત કર્યો છે. અકસ્માત થયેલી દારૂ ભરેલી કારનો ફિલ્મી ઢબે પીછો કરી પોલીસે પકડી પાડી હતી. પરંતુ પોલીસે પહોંચે તે પહેલા ચાલક ગાડી મુકીને નાસી ગયો હતો.પોલીસે દારુ અને ગાડી મળી કુલ રૂ.૩.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ પી.બી.ચૌહાણના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના ટીમના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે વાવોલ પહોંચતા બાતમી મળી હતી કે વિદેશી દારૂનો જથ્થો ભરેલી એક એસન્ટ કાર ગોકુળપુરા રોડ પરથી પસાર થવાની છે. જેને પગલે સર્વેલન્સની ટીમ દ્વારા વોચ ગોઠવી દેવાઈ હતી. બાતમીવાળી ગાડી દેખાતા પોલીસે કાર રોકવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ ડ્રાઈવરે હોવાનું લાગી રહ્યું હતું. જયારે અંદર રહેલી દારુની કેટલીક બોટલ પણ ફુટી જવા પામી હતી. કારને સેકટર-૧૩ ચોકી ખાતે લાવી કારની અંદર રહેલી દારુની બોટલ




કાર દોડાવી મુકી હતી. જેથી પોલીસની ટીમે કારનો પીછો કર્યો હતો. ત્યારે કાર ચાલકે અંધારામાં કાર મુકી નાસી ગયો હતો. પોલીસે કારમાં અંદર તપાસ કરતા કારને પાછળના ભાગે અકસ્માત થયો ગણતા ૩૨૩ બોટલ નીકળી હતી. પોલીસે રૂ.૨ લાખની એસેન્ટ કાર અને રૂ.૧ લાખ ૬૩ હજાર ૫૦૦ મળી કુલ રૂ.૩.૬૩ લાખનો મુદામાલ જપ્ત કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરના સેકટર-૫ ખાતેથી કેટીએમ બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૫ સી ખાતે ઘર પાસે પાર્ક કરેલા કેટીએમ બાઈકની ચોરી થતા યુવકે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. ગાંધીનગર શહેરના સેકટર-૫ સી પ્લોટ નં. ૧૫૭૬-૨ ખાતે રહેતા મયંકભાઈ ધુળાભાઈ બરજોડ (ઉં.૩૦, મુળ રહે.કુંડા ગામ જી મહીસાગર) પત્ની સાથે રહીને છેલ્લા ત્રણ વર્ષથી સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. પોતાના અંગત ઉપયોગ માટે કેટીએમ બાઈક નં.જી.જે.૩૫.ઈ.-૩૨૭૯ ચલાવતા હતા. ત્યારે ગત તા.૨૭ ઓગસ્ટના રોજ બપોરના એક વાગે ઘર સામે ખુલ્લી જગ્યામાં બાઈક પાર્ક કરીને વતન ખાતે સામાજીક કામ હોવાથી મયંક અને તેની પત્ની ગયા હતા.

જયારે તા.૨૯ ના રોજ સવારના સાત વાગે ગાંધીનગર ખાતે આવીને જોતા બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેને આસપાસના સેકટરોમાં તપાસ કરવા છતા મળી આવ્યું ન હતું. બનાવ અંગે યુવકે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૫૦ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધાવ્યો છે.

## પેથાપુરમાંથી બાઇકની ચોરી

ગાંધીનગર, તા.૨૯

પેથાપુર ચોકડી પાસે બોસ્કી પ્રાઈમની સામે ઉમીયા બેટરી સર્વિસની દુકાનના ગેટની સાઈડમાંથી ગત તા.૨૩ ઓગસ્ટના રોજ સાંજના ૪ કલાક થી તા.૨૮ સાંજના ૮ કલાક દરમિયાન હીરો એચએફ ડીલક્ષ બાઈકની ચોરી થવા પામી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર કિર્તિરાજ સોસાયટી ખાતે રહેતા દિલિપસિંહ નાથુસિંહ ચાવડા પરિવાર સાથે રહે છે અને પેથાપુર ચોકડી ખાતે ઉમિયા બેટરી સર્વિસની દુકાન આવેલી છે.

જી.જે.૧૮.સી.કે.-૨૫૧૯ બાઈકનો ઉપયોગ કરતા હતા. ત્યારે ગત તા.૨૩ ના રોજ દુકાન પાસે પાર્ક કરેલા બાઈકની ચોરી થવા પામી હતી.

## ખૂણેખાંચરેથી

● જિલ્લા વિકાસ અધિકારીની ગાડીને અકસ્માત નડતાં ગાડીને નુકશાન થયુ છે. જો કે સદ્નસીબે કોઈને ઈજા પણ થઈ નથી.

● ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા એક અધિકારી દાંતાથી અંબાજી પદયાત્રા કરી પરત ફર્યા છે. તો અન્ય એક અધિકારી નર્મદા મૈયાની આરતી કરવા સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચ્યા હોવાની વાતો છે.

● મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે શાખાધિકારીઓ સાથે સાપ્તાહિકી સમીક્ષા બેઠક યોજી હતી.

● જિલ્લા કલેકટર કચેરીમાં રજુઆત કરવા આવેલ એક મહિલા કર્મચારી બનાવેલા રેમ્પ પર પગ લપસતાં લપસી પડ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં ભાદરવાના આકરા તાપના અહેવાલથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના ડેન્ટલ અને આયુષ તબીબો/શિક્ષકોને સાતમાં પગારપંચ મુજબ એન.પી.એ. આપવાનો હુકમ સરકારે કર્યો છે.

● આયુષ અને ડેન્ટલના તબીબો/શિક્ષકોનું એન.પી.એ. મંજૂર થતાં હવે લાઈવ સ્ટોકના તબીબો/શિક્ષકો પણ મેદાનમાં આવ્યા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે કોરોનામાં મૃત પામેલ આરોગ્ય કર્મીઓને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

● પંચાયત પરિષદની પ્રદેશ કારોબારી બેઠક મોડી સાંજ સુધી ચાલી હતી.

● આજે શહેર-જિલ્લા કોંગ્રેસની એક તાકીદની બેઠક પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરના અધ્યક્ષસ્થાને સરકીટહાઉસ ગાંધીનગર ખાતે સાંજે ૬ વાગે યોજવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં આજે ૬૧૮ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૧૦૦થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

## ભાવિના પટેલની ઉપસ્થિતિમાં કેન્દ્રિય વિદ્યાલય ખાતે નેશનલ સ્પોર્ટસ ડે ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૩૦માં કેન્દ્રિય વિદ્યાલય ખાતે આજે 'નેશનલ સ્પોર્ટસ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ગુજરાતની પેરા ઓલિમ્પિયડ ખેલાડી જેણે કોમનવેલ્થ ગેમ્સમાં ટેબલ ટેનિસમાં સુવર્ણચંદ્રક જીત્યો છે તે ભાવિના પટેલ વિશેષ મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં મેજર ધ્યાનચંદજીની તસ્વીરને પુષ્પાંજલી અર્પણ કરાઈ હતી. શાળાના બાળકોએ ભાવિના પટેલને રમતગમતને લગતાં પ્રશ્નો પુછ્યાં હતા અને ભાવિના પટેલે પણ તેમના જીવનની સંઘર્ષ કહાણી તેમના સમક્ષ વર્ણવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ ઓટોગ્રાફ આપીને પ્રસન્ન કર્યા હતા. આ સાથે તેમણે કેન્દ્રિય વિદ્યાલય સંગઠનના ઉપાયુક્ત શ્રુતિ ભાર્ગવ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. કાર્યક્રમના અંતે પ્રાચાર્ય મોહનચંદ્ર સત્યવલીએ આભારદર્શન વ્યક્ત કર્યુ હતુ. આ પ્રસંગે સંસ્થાના કલા શિક્ષક નવીન અમીને દોરેલું છબીચિત્ર ભાવિના પટેલને પસંદ પડ્યું હતું.



ખેડૂતો છેલ્લા ઘણા દિવસથી તેમના વિવિધ પ્રશ્નો સંદર્ભે આંદોલન કરી રહ્યા છે. આ આંદોલનમાં હવે મહિલાઓ અને બાળકો પણ જોડાયા છે. કિસાનોએ રિલાયન્સ ચોકડી પહોંચી જઈ પંડિત દિનદયાળ ઉપાધ્યાયના સ્ટેચ્યુને ફૂલહાર કરી સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે.

## પર્યુષણ પર્વ નિમિત્તે મુખ્યમંત્રીની દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસર ખાતે પ્રેરક ઉપસ્થિતી

ગાંધીનગર,તા.૨૯

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદનાં નવરંગપુરા વિસ્તારના દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસર ખાતે ઉપસ્થિત રહીને જૈન સંપ્રદાયને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ દેરાસરમાં કરાયેલા ભગવાનના આંગી શણગારને નિહાળ્યો હતો તેમજ અત્યંત ભક્તિ ભાવ પૂર્વક દર્શન કર્યા હતાં.

ત્યારબાદ તેઓએ મહારાજ સાહેબનાં આશીર્વાદ લઈને ઉપસ્થિત સૌને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી શ્રી એ ભગવાનના સુંદર આંગી શણગારને બિરદાવ્યો હતો. આ પ્રસંગે જૈન શ્રેષ્ઠીઓ અગ્રણીઓ સ્થાનિક નાગરિકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા

## ગાંધીનગર જિલ્લામાં ગોસ્વામી સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો




ગાંધીનગર,તા.૨૯

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, હેલ્થ, એજયુકેશન, ઈન્ફ્રાસ્ટ્રકચર, ઈન્ડસ્ટ્રીઝ અને એનર્જી સહિતના તમામ ક્ષેત્રે ગુજરાત દેશનું અગ્રેસર રાજય છે. ગુજરાતની અદ્યતન આરોગ્ય સુવિધાઓનો લાભ તો આસપાસના રાજયના લોકો ખૂબ મોટી સંખ્યામાં લેવા આવે છે અને નિરોગી-નિરામય બની પોતાના વતન રાજયમાં પરત ફરે છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરમાં આયોજીત ગોસ્વામી સમાજના સ્નેહમિલનમાં સંબોધન કરી રહ્યાં હતાં. તેમણે અન્ય રાજયોની તુલનાએ ગુજરાતની પ્રગતિ-વિકાસની વિસ્તૃત વિગતો જણાવી હતી. આ સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, અત્યારે અમુક લોકો ગુજરાતના વિકાસની છબીને ધૂંધળી કરવામાં લાગ્યા છે અને ગુજરાતના સર્વાંગી વિકાસને નકારી રહ્યાં છે, પરંતુ ગુજરાતની જનતા આવી વાતોથી ભરમાશે નહી કે આવી વાતોમાં આવશે નહી તેમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત બે દાયકાથી સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રને અનુસરીને દેશનું મોડલ સ્ટેટ બન્યું છે. કોઈ એવું ક્ષેત્ર નથી જ્યાં આપણે નવા પ્રકલ્પો-નવી સિદ્ધિ પ્રાપ્ત ન કરી હોય. માનવ વિકાસ-જન સુખાકારીના તમામ પાસાંઓમાં ગુજરાત અન્ય રાજ્યોને રાહ ચિંધી શકે તેટલું સક્ષમ અને આદર્શ રાજ્ય છે તેમ તેમણે ઉમેર્યુ હતું. બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી ઉદય કાનગડે જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિ સનાતની પરંપરાઓને ચુસ્તપણે અનુસરનારી છે. આ પરંપરાઓના રક્ષણ-સંવર્ધન માટે કાર્યરત ગોસ્વામી સમાજ હંમેશા ભાજપા સરકારની પડખે રહ્યો છે. શ્રી દોલતગીરી બાપુએ જણાવ્યું કે, શ્રાવણ મહિનામાં તપ-જપ કરી, તે પૂણ્ય ભેગું કરી ગોસ્વામી સમાજના સંતો-સંન્યાસીઓ મુખ્યમંત્રીશ્રીને આશીર્વાદ આપવા પધાર્યા છે. મુખ્યમંત્રીશ્રીના મૃદુ અને મક્કમ સ્વભાવ અને સરળ વ્યક્તિત્વની તેમણે પ્રશંસા કરી હતી. આ સમારોહમાં અમદાવાદ જિલ્લા પ્રમુખ શ્રી હર્ષદગીરી, બક્ષીપંચ મોરચાના પૂર્વ અધ્યક્ષ શ્રી ભગવાનદાસ પંચાલ, શ્રી ધર્મેન્દ્રગીરીજી, શ્રી મયંક નાયક સહિતના મહાનુભાવો તેમજ ગોસ્વામી સમાજના અગ્રણી-ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

## જાહેર નોટીસ

**ગાંધીનગર ના મે. રજા એડી. સીવીલ જજ અને જ્યુડી. મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મું. ગાંધીનગર**

**અરજદારના વી. વકીલશ્રી ધર્મેશ એમ. પરમાર**
ક્રિ.પ.અ.ન. ૭૩૩/૨૦૨૨

**અરજદાર** : કકીબેન ગલાબજી મકવાણા
ઉ.વ. ૪૨, ધંધો-ઘરકામ
રહે. ઈન્દ્રોડા, ટીંબાવાળો વાસ, તા.જી. ગાંધીનગર

**વિરૂદ્ધ**

**સામાવાળા** : સબ રજીસ્ટ્રાર
જન્મ મરણ નોંધણી, ગાંધીનગર

**બાબત : જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ**

આ નોટીસથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, અરજદારનો જન્મ ગઈ તારીખ ૧/૧/૧૯૮૦ના રોજ મોજે ઈન્દ્રોડા ગામ મુકામે તા. જી. ગાંધીનગર ખાતે અમોના પિતાના ઘરે કુદરતી રીતે થયેલ અને તેમના જન્મની નોંધણી આ કામના સામાવાળાની કચેરીમાં અરજદારનાં માતા પિતા સગા સંબંધી તથા અરજદારના કુટુંબીજનોની શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે રહી જવા પામેલ તેવી વિગતો જાહેર કરી અરજદારના જન્મની નોંધણી કરાવવા અંગેનો આદેશાત્મક હુકમ મેળવવા અત્રેની અદાલત સમક્ષ અરજ દાખલ કરેલ છે.

જેથી ઉપરોક્ત અરજદારની અરજી અંગે કોઈપણ ઈસમ અગર સંસ્થાનો વાંધો કે તકરાર હોય તો તેઓએ જાતે અગલ તેમના માહિતગાર વકીલ મારફતે અત્રેની અદાલત સમક્ષ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં ઓફીસ સમય દરમિયાન લેખિતમાં વાંધા રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો તમારી ગેરહાજરીની નોંધ લઈ આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સદર કામની મુદત તા. ૧૩/૯/૨૦૨૨ છે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૨/૮/૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડેન્ટ | | રજીસ્ટ્રાર |
| | | | ચીફ કોર્ટ, ગાંધીનગર |